# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૨૨-૦૮-૨૦૨૨

ગુજરાતમાં દારૂબંધીનો પણ કાયદો છે પરંતુ તેની અમલવારીમાં રાજ્યની ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નિવડી છે તથા રાજ્યનો એક- એક વ્યક્તિ આ કાયદાની શું જમીની હકીકત છે તે જાણે છે. છેલ્લા છ મહિનાની અંદર જ ગુજરાતમાં ૨૫ હજાર કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયુ છે જેમાં શાસકો સાથે જોડાયેલા મોટા માથાઓની સામેલગીરીને સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે, ગુજરાતમાં નશાબંધી હોવા છતાં છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ૩૦૦ કરોડથી પણ વધારે રકમનો દારુ પકડાતો હોય જે ગુજરાતમાં ઠલવાઈ રહેલા દારૂના વેપલાનો 0.001 ટકા જેટલો જ છે. જે રાજ્યમાં ભાજપ સરકારના શાસકોની હપ્તાખોરી અને ગુજરાતની યુવા પેઢીને બરબાદ કરવાના કાવતરાના ભાગરૂપે જ છે. ગુજરાતમાં ડ્રગ્સ માફિયાઓના ચાલી રહેલા આયોજનબદ્ધ નેટવર્ક માટે ક્યાંક ને ક્યાંક ભાજપના હપ્તાખોર શાસકો જવાબદાર છે. મોંઘા શિક્ષણ, બેરોજગારીથી ઝઝૂમી રહેલા ગુજરાતના શિક્ષિત, સક્ષમ યુવાનોથી રાજ્યને સમૃદ્ધ બનાવવાનું હોય, વિકસિત બનાવવાનું હોય તેના સ્થાને તેને અવળા રસ્તે નશાના રવાડે ચડાવવાનું ષડ્યંત્ર ચાલી રહ્યું છે. ગુજરાતમાં ડ્રગ્સનું નેટવર્ક વધતું જઈ રહ્યું છે તેની સામે તાત્કાલીક કડક અંકુશ આવે એ માટેની કાર્યવાહી કરવા અને તપાસ બાબતે અમદાવાદ ખાતે ધરણાં - પ્રદર્શન બાદ રેલી સ્વરૂપે આવેદનપત્ર કલેક્ટરશ્રી, અમદાવાદ મારફત મહામહીમ રાજ્યપાલશ્રીને આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થ પટેલ, વિધાનસભા દંડકશ્રી સી.જે. ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી અંબરીશ ડેર, શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ધારાસભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખ, ઈમરાન ખેડાવાડા, પ્રદેશ ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી, પ્રદેશ મહામંત્રીશ્રી રાજુ બ્રહ્મભટ્ટ, શ્રી બળદેવ લુણી, અમદાવાદ શહેર પ્રમુખશ્રી નીરવ બક્ષી, ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખશ્રી વિશ્વનાથસિંહ વાઘેલા, ગુજરાત પ્રદેશ એસ.સી. સેલના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા એન.એસ.યુ.આઈ. પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકી, અમદાવાદ શહેર મહિલા પ્રમુખશ્રી હેતાબેન પરીખ સહિત કોર્પોરેટરશ્રીઓ, આગેવાનશ્રીઓ – કાર્યકરશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા

નોંધ : આવેદનપત્રની નકલ સામેલ છે.